**<u>-: ફો. કેસ નં.૦૯/૨૦૧૮ :-</u>**

## <u>આંક-૭૭ લગત ફરીયાદીની ઈ.પી.કો કલમ ૩૦૭ ના ઉમેરો કરવાની અરજી લગત હુકમ</u>

**(૧)** આ કામના ફરીયાદી રાકેશભાઈ મનસુખભાઈ કેવડીયા રે. મોટીવાવડી તા. ગારીયાધાર જી-ભાવનગર નાઓ ધ્વારા ગારીયાધાર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં -૨૯/૧૭ તા. ૭/૯/૧૭ ના રોજ ફરીયાદ નોંધાવતા આ કામના આરોપીઓ સામે ઈ.પી.કો કલમ ૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૩૨૪,૩૨૬,૪૦૩ તથા જી.પી.એકટ ૧૩૫ અન્વયે થયેલ ચાર્જશીટના કામે આકામે આરોપીઓ સામે સી.આર.પી.સી કલમ ૩૧૯ અન્વયે ઈ.પી.કો કલમ ૩૦૭ નો ઉમરો કરવા માટે હાલની અરજી આપવામાં આવેલ છે.

**(૨)** વધુમાં આ કામના આરોપીઓ ૧. રાજેશભાઈ નરશીભાઈ વિરાણી રે. મોટીવાવડી તા. ગારીયાધાર ૨. કપીલભાઈ વજુભાઈ દવે. ડોલતી તા. સાવરકુંડલા ૩. ગોતમભાઈ દલસુખભાઈ મકરૂબીયા રે. ઝલાલપર તા. ગઢડા ૪. ભાવેશભાઈ ભોળાભાઈ માંગુકીયા રે. સુરત ૫. સોરવભાઈ બાલુભાઈ હિરાણી રે. સુરત ૬. પ્રદીપભાઈ જયંતીભાઈ ગોરાણી રે. સુરત ૭. યોગેશભાઈ મનુભાઈ ગોરાણી રે. સુરત નાઓ સામે ગારીયાધાર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં-૨૯/૧૭ તા. ૭/૯/૧૭ ના રોજ ફરીયાદ નોંધાવતા આ કામના આરોપીઓ સામે ઈપીકો કલમ ૧૪૩,૧૪૭, ૧૪૮,૧૪૯,૩૨૪,૩૨૬,૪૦૩ તથા જીપીએકટ ૧૩૫ અન્વયે એફ.આઈ.આર થયેલી ત્યારબાદ પોલીસ દ્વારા સદરહુ ગુન્હાની તપાસ પુર્ણ થયેલ હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ પણ એફ.આઈ.આર મુજબની કલમ અન્વયે કરવામાં આવેલ છે તેમજ આ ગુન્હાની ચાર્જશીટ જોતા આ કામના આરોપીઓને એક બીજા ના મેળાપી પણામાં ગુન્હીત કાવતરૂ રચી ફરીયાદીને જાનથી મારી નાખવાની બદ ઈરાદે ફરીયાદીના મુળ વતન મોટીવાવડી મુકામે તા. ૬/૯/૧૭ ના રોજ કલાક

૨૦/૩૦ વાગ્યાના સુમારે ઈનોવા ગાડી જીજે–૧૮ વીએ ૮૧૭૬ માં એક સપ કરી પ્રાણઘાતક હથીયારો તલવાર,ધોકા વિગેરે વડે ફરીયાદી સાથેની અગાઉ અદાવતને કારણે ફરીયાદી તથા તેમના પિતા મનસુખભાઈ ઉર્ફે મનજીભાઈ પરશોતમભાઈ કેવડીયા તથા બાબુભાઈ પરશોતમભાઈ કેવડીયા વિગેરે તલવાર તથા ધોકા વડે માર મારવા લાગેલા અને તે સમયે ફરીયાદીને બચાવવા માટે વચ્ચે પડતા પરીવાર જનો ને પણ ગંભીર પ્રકારની ઈજાઓ કરેલ આમ આ કામના આરોપી ગે.કા મંડળી રચી જે કુત્ય કરવા આવેલ હતા અને જે કુત્ય કરવામાં આવેલ હતુ તેમાં લાવેલ હથીયાર તલવાર અને ધોકા હતા તે હકીકત તમામ આરોપીઓ જાણતા હતા અને તે તલવાર તેમજ ધોકા વડે ફરીયાદીને મહત્વ અંગો/ભાગ એટલે કે મગજમાં વાગશે તો તેઓને જીવ પણ જઈ શકે છે તેમ છે આમ તમામ આરોપીઓનો ઈરાદો ફરીયાદી તથા સાહેદોનો જીવ લેવાનો હતો તેમજ ફરીયાદી તથા સાહેદો એ લીધેલ સારવાર માં ડોકટરી સર્ટીફીકેટમાં પણ ASSALLTED INJURY ,ખેલ હોય આમ આરોપી દ્વારા ગંભીર પ્રકાર ની જાનથી મારી નાખવાના ઈરાદાથી ઈજા કરેલ હોય તેમ છતા આ કામના આરોપીઓ સામે ચાર્જશીટમાં કલમ ૩૦૭ નો ઉમેરો કરેલ ન હોય તેમજ નામદાર સુપ્રીમકોર્ટે પણ પોતાના ક્રીમીનલ અપીલ નંબર ૧૩૧૬/૨૧ કબમબછબત છફતઘબચ ક બદચ અળક તજભ કતબતભ ફા વજબચછજબદમ ના ચુકાદામાં નામદાર જસ્ટીસશ્રી એમ.આર.શાહ સાહેબે જણાવેલ હોય કે Nobody can enter into mind the accused and his intention has to be ascertained from the weapon used, part of body chosen for assault and the nature of the injury caused. આમ સદર ગુન્હાના કામે આઈપીસી કલમ ૩૦૭ ના કામે ઉમેરો કરવો જરૂરી હોય અરજદારની અરજી મંજુર કરવા વિનંતી કરેલ છે.

(૩) બચાવ પક્ષે તેઓના વિ.વશ્રી એમ.ડી.વાઘાણીનાઓએ ફરીયાદી અરજી સામે સખ્ત વાંધો લીધેલ હોય તેમજ પોતાની દલીલમાં જણાવેલ છે કે ગારીયાધાર પોલીસ

ધ્વારા ફરીયાદીની ફરીયાદ અનુસંધાને પુરતી તપાસ કરી નામદાર કોર્ટ સમક્ષ ઈપીકો કલમ ૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૩૨૪,૩૨૬,૪૦૩ તથા જીપીએકટ ૧૩૫ મુજબ નુ ચાર્જશીટ કરેલ હોય તેમજ ચાર્જશીટ થયા બાદ પણ આ કામના ફરીયાદી ધ્વારા કે તપાસ કરનાર અધિકારી ધ્વારા સીઆરપીસી કલમ ૧૭૩–૮ મુજબ વધુ તપાસ કરવા માટે કોઈ અરજી આ કામે આવેલ નથી તેમજ આરોપીઓ સામે ઈપીકો કલમ ૩૨૪,૩૨૬ મુજબ નો જે કલમ ની ચાર્જશીટ કરવામાં આવેલ છે તે મુજબ મહાવ્યથા ની વ્યાખ્યામાં આવે છે જયારે આ કામના આરોપીઓનો ઈરાદો ફરીયાદી કે સાહેદોને મુત્યુ નીપાજાવાનો હોય તેવુ પ્રથમ દર્શનીયરીતે ફલીત થતુ નથી.વધુમાં આ કામના ફરીયાદી દવારા હાલની અરજી આપવામાં આવેલ છે તે **પ્રીમેચ્યોર સ્ટેજે** હોય,આરોપીઓનો ઈરાદો આ કામના ફરીયાદી કે સાહેદને મારી નાખવામાં હતો કે કેમ તે હકીકત ટ્રાયલ દરમ્યાન જ જાણી શકાય વધુમાં આ કામના ફરીયાદી દવારા પોતાની અરજીના સમર્થનમાં જે ચુકાદો જણાવેલ છે તે ચુકાદો હાલના કેસને લાગુ પડતો ન હોય ફરીયાદીની હાલની અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

(૪) સાંભળ્યા અરજી વંચાણે લીધી સદર કેસનો રેડર્ક ધ્યાને લેવામાં આવે તો આ કામે ફરીયાદી દવારા તેઓ સાથે તા. ૬/૯/૧૭ ના રોજ બનેલ બનાવ બાબતની ફરીયાદ ગારીયાધાર પોલીસ સ્ટેશન તા. ૭/૯/૧૭ ના રોજ નોંધાવા આવેલ છે અને ગારીયાધાર પોલીસ દવારા ફર્સ્ટ ગુ.ર.નં–૨૯/૧૭ તા. ૭/૯/૧૭ ના રોજ ફરીયાદ નોંધાવતા આ કામના આરોપીઓ સામે ઈપીકો કલમ ૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૩૨૪,૩૨૬,૪૦૩ તથા જીપીએકટ ૧૩૫ અનવયે એફ.આઈ.આર ની નોંધણી આ કામના આરોપીઓ ૧. રાજેશભાઈ નરશીભાઈ વિરાણી રે. મોટીવાવડી તા. ગારીયાધાર ૨. કપીલભાઈ વજુભાઈ દવે. ડોલતી તા. સાવરકુંડલા ૩. ગોતમભાઈ દલસુખભાઈ મકરૂબીયા રે. ઝલાલપર તા. ગઢડા ૪. ભાવેશભાઈ ભોળાભાઈ

માંગુકીયા રે. સુરત ૫. સોરવભાઈ બાલુભાઈ હિરાણી રે. સુરત ૬. પ્રદીપભાઈ જયંતીભાઈ ગોરાણી રે. સુરત ૭. યોગેશભાઈ મનુભાઈ ગોરાણી રે. સુરત નાઓ સામે નોંધયા બાદ આ કામના આરોપીઓને અટક કરી નામદાર કોર્ટ સમક્ષ રજુ કરેલા અને જેતે વખતેના તા. ૧૦/૧૦/૧૭ ના રોજ ના પ્રોકશન રીપોર્ટમાં પણ **કોઈપણ જાતના કલમનો ઉમેરો જણાતો નથી** તેવુ સપષ્ટ જણાવેલ હોય તેમજ આ કામના આરોપીઓને જામીન અરજી વખતે પણ ફરીયાદ પક્ષ ધ્વારા કે સરકારી વકીલશ્રી ધ્વારા કલમ ઉમેરાને લગતી કોઈપણ જાતની રજુઆત નામદાર કોર્ટ સમક્ષ કરવામાં આવેલ નથી અને આ કામે આરોપીઓને નામદાર સેશન્સ અદાલત ધ્વારા જામીન પર મુકત કરવામાં આવેલ હોય ત્યારબાદ સદર ગુન્હાનુ ઉંડાણ પુર્વક નુ તપાસ ની રીતે આ કામના ત.ક અમલદાર ધ્વારા નામદાર કોર્ટ સમક્ષ તા. ૧૮/૦૧/૨૦૧૮ નારોજ ઈપીકોકલમ ૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૩૨૪,૩૨૬,૪૦૩ તથા જીપીએકટ૧૩૫ મુજબ નુ ચાર્જશીટ કરેલ. ત્યારબાદ આ કામના આરોપીઓને નામદાર કોર્ટ સમક્ષ હાજર રહેવા બાબતે વાંરવાર સમન્સ/ પ્રોસેસ કરતા આ કામના આરોપીઓ ૫ વર્ષ કરતા વધુ સમય બાદ નામદાર કોર્ટ સમક્ષ હાજર થતા આ કામના આરોપીઓ સામે તા. ૫/૪/૨૪ ના રોજ તોહમતનામુ ધડવામાં આવેલ તેમજ આ કામના આરોપીઓ પૈકી આરોપીનં-૧,૨,૩ તથા ૭ નાઓની પ્લી રેકર્ડ કરી તેમજ આરોપીનં-૪,૫ તથા આરોપીનં-૬ નાઓ નામદાર કોર્ટ સમક્ષ હાજર રહેલ નહી તેમજ તેમના જામીનદાર પણ આરોપીઓને હાજર રાખી શકેલ નહી કે તેઓ નજીક ના ભવિષ્યમાં મળી આવી શકે તેમ ન હોય જેથી જામીનગીરીની તમામ રકમ નામદાર કોર્ટ ધ્વારા વસુલ કરવામાં આવેલ છે. આમ આ કામના આરોપીનં-૪,૫,૬ સામે તેઓની ગેરહાજરીમાં સદર કેસની ટ્રાયલ આગળ ચલાવવા તા.૦૫/૦૪/૨૪ ના રોજ હુકમ કરેલ છે.આમ હાલનો કેસ ફરીયાદીના પુરાવાના સ્ટેજ પર હોય તેમજ હાલના કેસમાં ફરીયાદી ધ્વારા હજુ સુધી કોઈ પુરાવો

નામદાર કોર્ટ સમક્ષ આપેલ ન હોય તેમજ આજદીન સુધી હાલના કેસની એફ.આઈ.આર દાખલ થયા થી નામદાર કોર્ટ સમક્ષ ચાર્જશીટ થયા બાદ હાલનો કેસ પુરાવાના સ્ટેજ પર આવેલ હોય તે દરમ્યાન ને **૫ વર્ષ** કરતા વધુ સમય થઈ ગયેલ હોવા છતા આ કામના ફરીયાદી,તપાસ કરનાર અમલદાર ધ્વારા કે એપીપીશ્રી ધ્વારા નામદાર કોર્ટ સમક્ષ આવા પ્રકારની કોઈ અરજી આપવામં આવેલ નથી. વધુમાં આ કામના ફરીયાદી દ્વારા પોતાની હાલની અરજીના પેરાનં-૪ માં જણાવ્યા મુજબ **આ કામના આરોપીઓનો ઈરાદો ફરીયાદી તથા સાહેદોને મારી નાંખવાનો જ હતો** તેવુ જણાવવામાં આવેલ છે. પરંતુ સદર આરોપીઓનો ઈરાદો શું હતો તે કેસની ટ્રાયલ શરૂ થયેલ પુરાવા નોંધયા બાદ જ જાણી શકાય, સદર કેસમાં હાલમાં કોઈ પુરાવો નોંધવામાં આવેલ નથી વધુમાં ફરીયાદપક્ષે પોતાની અરજીની સમર્થનમાં નામદાર સુપ્રીમકોર્ટનું ક્રીમીનલ અપીલ નંબર 1316/2021 SADAKAT KOTWAR & ANR V/S THE STATE OF JHARKHAND નો ચુકાદો માનસહ વંચાણે લેતા સદર ચુકાદામાં પણ નામદાર સુપ્રીમકોર્ટમાં ટ્રાયલ કોર્ટમાં તથા નામદાર સેસન્સ અદાલતનો આરોપીને ભારતીય ફોજદારી ધારાની કલમ ૩૦૭ મુજબની સજા કરતો ચુકાદો માન્ય રાખેલ હોય અને આરોપીની અપીલ ના મંજુર કરેલ હોય, પરંતુ ટ્રાયલ કોર્ટ ધ્વારા આરોપીઓને ભારતીય ફોજદારી ધારની કલમ ૩૦૭ મુજબની સજા જેતે કેસની ટ્રાયલમાં રજુ થયેલ પુરાવાને આધારે આપેલ હોય જયારે સદર હાલના કેસના કામે આ કામના આરોપીઓ સામે ટ્રાયલ શરૂ થયેલ નથી અને ફરીયાદી પક્ષ ધ્વારા કોઈ પુરાવો આજદીન સુધી આપવામાં આવેલ નથી આ સંજોગોમાં ફરીયાદ પક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ નામદાર સુપ્રીમ કોર્ટનો ચુકાદો લાગુ પાડી શકાય નહી.

(૫) વધુમાં ફરીયાદી ધ્વારા સીઆરપીસી કલમ ૩૧૯ મુજબ ૩૦૭ નો ઉમેરો કરવા માટે જે હાલની અરજી આપવામાં આવેલ હોય જેથી આ તબકકે સીઆરપીસી કલમ

૩૧૯ ની જોગવાઈ ધ્યાને લેવી જરૂરી છે.

319. Power to proceed against other persons appearing to be guilty of offence.—

(1) Where, in the course of any inquiry into, or trial of, an offence, it appears from the evidence that any person not being the accused has committed any offence for which such person could be tried together with the accused, the Court may proceed against such person for the offence which he appears to have committed.

(2) Where such person is not attending the Court, he may be arrested or summoned, as the circumstances of the case may require, for the purpose aforesaid.

(3) Any person attending the Court, although not under arrest or upon a summons, may be detained by such Court for the purpose of the inquiry into, or trial of, the offence which he appears to have committed.

(4) Where the Court proceeds against any person under sub-section (1), then—

(b) subject to the provisions of clause (a), the case may proceed as if such person had been an accused person when the Court took cognizance of the offence upon which the inquiry or trial was commenced.

**(૫.૫)** આમ, ક્રિમીનલ પ્રોસીઝર કોડ ની કલમ ૩૧૯ મુજબ ગુનાના કામે અન્ય કોઈ વ્યકતિએ એ ગુનો કરવામાં ભાગ ભજવેલ છે કે કેમ? અને ભારતીય ફોજદારી કાયદાની કલમ ૩૦૭ મુજબ ના તત્વો તે જેતે કેસ ના ટ્રાયલ દરમ્યાન પડેલ પુરાવાના આધારે નક્કી કરી શકાય, જેથી નામાદાર સુપ્રિમ કોર્ટે પોતાના એક

ચુકાદામાં જણાવેલ છે કે "The marits of the evidence has to be appreciated during the trial of by cross examination of witnesses and serunity of the court."

**(પ.૬)** વધુમાં આ સંદર્ભે સી.આર.પી.સી કલમ ૨૧૬ ધ્યાને લેવી જરુરી છે.

216. Court may alter charge.—

(1) Any Court may alter or add to any charge at any time before judgment is pronounced.

(2) Every such alteration or addition shall be read and explained to the accused.

(3) If the alteration or addition to a charge is such that proceeding immediately with the trial is not
likely, in the opinion of the Court, to prejudice the accused in his defence or the prosecutor in the conduct of the case, the Court may, in its discretion, after such alteration or addition has been made, proceed with the trial as if the altered or added charge had been the original charge.

(4) If the alteration or addition is such that proceeding immediately with the trial is likely, in the opinion of the Court, to prejudice the accused or the prosecutor as aforesaid, the Court may either direct a new trial or adjourn the trial for such period as may be necessary.

(5) If the offence stated in the altered or added charge is one for the prosecution of which previous sanction is necessary, the case shall not be proceeded with until such sanction is obtained, unless sanction has been already obtained for a prosecution on the same facts as those on which the altered or added charge is founded.

**(૬)**આમ, સદર ગુના મા તહોમતનામું ઘડાયેલ હોય પરંતુ હાલ મા કેસના ટ્રાયલ માં

પુરાવા નોધવામાં આવેલ ન હોય આ સંજોગોમાં નામદાર કોર્ટ સી.આર.પી.સી કલમ **૨૧૬** મુજબની પોતાની સત્તા વાપરી તહોમત માં ફેરફાર કરી સકે નહિ.

આમ સદર કેસમા જ્યારે ટ્રાયલ શરુ થયેલ ન હોય તેવા તબક્કે ફરીયાદી ધ્વારા આપવામાં આવેલ હાલ ની અરજી પ્રિમેચ્યોર સ્ટેજે હોય ટકવા પાત્ર ન હોય તેવુ અત્રેની અદાલત નુ નમ્રપણે માનવું છે આ સંજોગોમાં ન્યાયના વિશાળ હિતમાં નીચેમુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

(૧) ફરીયાદી ની હાલની અરજી નામંજુર કરવા હુકમ કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

(૩) હુકમ ની જાણ ફરીયાદી તથા આરોપીઓને કરવી.

હુકમ આજ તારીખ–૧૯ માહે–જુલાઈ સને–૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

સ્થળ : ગારીયાધાર
તા.૧૯/૦૭/૨૦૨૪

**(અમિતકુમાર કીરીટભાઈ શાહ)**
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ગારીયાધાર
Code No.GJ01266